सत्यमेव जयते

<u>**ક્રીમીનલ કેસ નં.                    /૨૦૨૩.**</u>

<u>**ચાર્જશીટ નીચે હુકમ::-**</u>

(૧) ફરીયાદ પક્ષ તરફથી આરોપી સામે ધી પ્રોહીબીશન એક્ટ કલમ–૬૫એએ મુજબના ગુન્હાનુ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે અને હાજર આરોપીને કેસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરી તેમના વિરૂધ્ધ તહોમતનામુ ઘડી અને ત્યારબાદ તે અનુસંધાને આરોપીનો જવાબ(પ્લી) લેતા ઉપરોકત આરોપીએ પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે તેમજ ગુના કબુલાત પુરસીસ પણ આ કામે રજુ કરેલ છે.

(૨) સદર કામના કેસ પેપર્સ વંચાણે લીધા. કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધી. આરોપીની ગુન્હા કબુલાત અને તે અંગેની પુરસીસ વંચાણે લીધી. તેમજ ***નામ. ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવરચંદ હરચંદજી ઠાકોર, ૨૦૦૫(૧), જી.એલ.આર. પાના નં.૭૦૯ તેમજ રમેશચંદ્ર ભીખાલાલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૧૩(૨) જી.એલ.આર. પાના નં.૯૭૭*** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાઓ વંચાણે લીધા. સદર કામે આરોપીએ ગુન્હાની કબુલાત આપેલ છે, જે તેમની સ્વેચ્છાપુર્વક અને કોઈપણ પ્રકારના દબાણ વગર આપેલ છે. આમ, આરોપીની સ્વેચ્છાપુર્વકની કબુલાત તેમજ કબુલાત પુરસીસમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં, આરોપીની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી. વધુમાં નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઉપરોક્ત બંને ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાતો ધ્યાને લેતા તથા કેસના સંજોગો ધ્યાને લેતાં આરોપીને કાયદામાં જણાવેલી સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે અને સચવાશે તેવુ આ અદાલતનુ નમ્રપણે માનવુ છે. જેથી, ઉપરોક્ત તમામ હકીકતો અને સંજોગો લક્ષમાં લેતાં ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**॥ <u>હુ ક મ</u> ॥**

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૪૮(૨) અન્વયે ધી પ્રોહી. એકટ કલમ–૬૫એએ મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને ગુન્હાના ભંગ બદલ **રૂપિયા                /– (અંકે રૂપિયા             પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન–૨(બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ દેશી/વિદેશી દારૂનો અપીલ પીરીયડ બાદ ધોરણસર નાશ કરવો. વધુમાં આ કામે જો મુદ્દામાલ વાહન કબ્જે કરવામાં આવેલ હોય તો વાહનના માલીકની ખરાઈ કરી મુળ માલીકને વાહન પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તા.૦૯મી** માહે **ડીસેમ્બર** સને **૨૦૨૩** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

તા.૦૯/૧૨/૨૦૨૩.
સુરત.

**(વિષ્ણુ ડી. દવે)**
આઠમાં એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,
જજ કોડ નં. જીજે ૦૧૬૪૬,
સુરત.

| |
|---|
| Rs.૧૦૦/- |
| R. No. |